**બિડાણ:** ઉપસચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરની કચેરીના તા.૧૫.૦૭.૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: GAD/MRC/e-file/1/2022/2661/KH3.

**વિષય:** રાજય સરકારની સર્વે કચેરીઓના ડ્રાઈવરોને ગણવેશ / ગરમ ગણવેશના કાપડ, સિલાઈ તથા બૂટની રકમ રોકડમાં આપવા અંગે

---

**જા.નં.નકૃયુ/રજી/ડ્રાઈવર–ગણવેશ/ અ.૩.૨/૮૫૩૩-૮૨/૨૦૨૪** **તારીખ:૩૦/૧૦/૨૦૨૪**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલ:** સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૫.૦૭.૨૦૨૪ના ઠરાવની નકલ

**<u>નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારું</u> :–**

અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ અને સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

૨/– આ સાથે સામેલ સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરની કચેરીના તા.૧૫.૦૭.૨૦૨૪ના ઠરાવમાં જણાવ્યા મુજબ અત્રેની યુનિવર્સિટીના ડ્રાઈવરોને ગણવેશ / ગરમ ગણવેશના કાપડ, સિલાઈ તથા બૂટની રકમ રોકડમાં આપવા અંગે આપેલ સૂચનો બાબતે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે તેમજ સદર થયેલ સુધારા બાબતે ડ્રાઈવર કર્મચારીઓના ધ્યાન ઉપર અચૂક લાવવા જણાવવામાં આવે છે.

Letter No: GAD/0394/06/2024 Dt: 15-07-2024

રાજ્ય સરકારની સર્વે કચેરીઓના ડ્રાઈવરોને ગણવેશ/ગરમ ગણવેશના કાપડ, સિલાઈ તથા બૂટની રકમ રોકડમાં આપવા અંગે.

**ગુજરાત સરકાર**
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:- GAD/MRC/e-file/1/2022/2661/KH3
સચિવાલય, ગાંધીનગર.
તા. .

<u>વંચાણે લીધા:-</u> (૧) સા.વ.વિ.નો તા. ૧૦/૦૪/૧૯૯૧નો ઠરાવ ક્રમાંક:-ડવર/૧૦૮૯/૬૬૭૧/પ-૩.
(૨) સા.વ.વિ.નો તા. ૦૨/૦૩/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક:-ડવર/૧૦૯૭/૨૭૦/ખ-૩.
(૩) સા.વ.વિ.નો તા. ૦૨/૦૪/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક:-ડવર/૧૦૯૭/૨૭૦/ખ-૩.
(૪) સા.વ.વિ.નો તા.૨૧/૦૮/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક: ડરવ/૧૦૨૦૧૦/૪૧૪૯/ખ-૩.

## આમુખ:-

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧/૦૮/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક: ડરવ/૧૦૨૦૧૦/૪૧૪૯/ખ-૩ અન્વયે રાજ્ય સરકારની સર્વે કચેરીઓના ડ્રાઈવરો માટે ગણવેશ માટેના કાપડ, ગણવેશની સિલાઈ, ગણવેશના ભાગ રૂપે મળતા બૂટ, ગરમ ગણવેશનું કાપડ, ગરમ કાપડની સિલાઈ તરીકે મળવાપાત્ર રકમ નિર્ધારિત કરવામાં આવેલ હતી. આ પ્રમાણે નિર્ધારિત કરેલ ગણવેશ /ગરમ ગણવેશના કાપડ, બૂટ તથા સિલાઈની રકમની મર્યાદા વધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પ્રસ્તુત બાબતે કાળજીપૂર્વક વિચારણા બાદ રાજ્ય સરકારની સર્વે કચેરીઓના ડ્રાઈવરોને હવે ગણવેશ માટેના કાપડ, ગણવેશની સિલાઈ, ગણવેશના ભાગ રૂપે મળતા બૂટ, ગરમ ગણવેશનું કાપડ, ગરમ કાપડની સિલાઈ તરીકે નીચે દર્શાવ્યા મુજબની રકમ ચૂકવવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | મળવાપાત્ર રકમ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | ટેરિકોટન ગણવેશ -૨(બે) જોડી, પેન્ટ-શર્ટના કાપડની કિંમત (દર વર્ષે) | ૧૩૫૦ |
| ૨ | ટેરિકોટન ગણવેશ -૨(બે) જોડી, પેન્ટ-શર્ટની સિલાઈની રકમ | ૭૦૦ |
| ૩ | બૂટની રકમ (દર બે વર્ષે) | ૬૮૦ |
| ૪ | ગરમ ગણવેશના કાપડની રકમ (દર ચાર વર્ષે એક વખત) | ૬૮૦ |
| ૫ | ગરમ ગણવેશની સિલાઈની રકમ(દર ચાર વર્ષે એક વખત) | ૬૮૦ |

૨. સામાન્ય વહીવટ વિભાગના તા.૦૨/૦૩/૧૯૯૮ના ઠરાવ ક્રમાંક:-ડવર/૧૦૯૭/૨૭૦/ખ-૩ માં નિર્દિષ્ટ કરવામાં આવેલ અન્ય શરતો અને જોગવાઈઓ યથાવત્ રહેશે.

૩. સંબંધિત મહેકમના સેક્શન અધિકારીશ્રી/ઉપસચિવશ્રી દ્વારા તેઓના વિભાગ/કચેરીના ડ્રાઈવરો દ્વારા ગણવેશનું કાપડ ખરીદી, ગણવેશ સિવડાવીને તે નિયમિત રીતે ખરેખર પહેરવામાં આવે છે તેવું પ્રમાણિત કરાયા બાદ જ તેમના દ્વારા કરવામાં આવેલ ગણવેશના કાપડની ખરીદી તથા તેની સિલાઈના ખર્ચની રકમ ચુકવવામાં આવશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૫/૦૨/૨૦૨૪ના રોજ તથા સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શિવાંગી ચૌધરી)
સરકારના ઉપસચિવ

<u>નકલ રવાના :</u>
-માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી.
-માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી.
-સર્વે મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
-મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી.
+ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
+ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
+ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
+ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
+ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
+ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
+ રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
-એકાઉન્ટન્ટ જનરલશ્રી-૧, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
-એકાઉન્ટન્ટ જનરલશ્રી-૨, ગુજરાત રાજ્ય, રાજકોટ.
-એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.'

Signature valid
Signed by:Shivangikumari Chaudhari
Under Secretary
Date: 2024.07.15 15:28:53 +05:30